સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# દેવી નવરાત્રઃ શારદીય નવરાત્ર





**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

આસો સુદ એકમ થી 'શરદ' ઋતુનો પ્રારંભ થાય છે. તેથી આસવ એકમથી આસવ દશમ સુધી આ દેવીનવરાત્ર ઉત્સવની શારદીય નવરાત્ર તરીકે ઉજવણી કરાય છે. નવરાત્રી મહોત્સવ એ ખૂબ જ મહત્ત્વનો ઉત્સવ છે અને કુળધર્મનો પારિવારિક ઉત્સવ છે. તેની ઉજવણી કરવી દરેક પરિવારનું અંગત કર્તવ્ય છે. વર્ષો પહેલાં સંયુક્ત પરિવારનું ચલણ હતું, એટલે એક જ કુટુંબમાં ચારપાંચ ભાઈઓ સાથે હળીમળીને રહેતા હતા અને ઉત્સવોની ઉજવણી રંગેચંગે થતી હતી. આજે લગભગ બધાં જ સંયુક્ત કુટુંબો અલગ થયાં છે અને સ્વતંત્ર રહે છે પણ નવરાત્રી ઉત્સવ પૂજન, અર્ચન કોઈ કરતું નથી. ચારપાંચ ભાઈઓમાંથી કોઈ એક ભાઈને આ કુળધર્મ ઉજવવાનું કામ સોંપવામાં આવે છે પણ શાસ્ત્ર પ્રમાણે જે ઘરમાં સ્વતંત્ર રસોઈ બને છે અને ઉપજીવિકાનાં સાધનો છે ત્યાં તો નવરાત્ર ઉત્સવ કુળધર્મ થવો જ જોઈએ, જેથી પરિવાર સભ્યો સુખશાંતિનો અનુભવ લઈ શકે છે.

નવ દિવસનો ઉપવાસ, વરુણ-વેદિકા, વેદિકા એટલે ખેતરનો ભાગ, દેવતા સ્થાપના, માળા બંધન, જલ પર્જન્ય અને અખંડ દીપ પ્રજ્વલન, મંડપી બંધન આદિ વિષય નવરાત્રી પૂજન વ્રતમાં આવે છે. તેનું પણ સંક્ષિપ્ત વિવરણ નીચે પ્રમાણે છે.

દરેક ઘરમાં ગૃહદેવસ્થાન તો હોય છે. તે પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર દિશામાં હોવું જોઈએ. એટલે પૂજન કરનારનું મુખ પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર દિશા તરફ આવે તેમ બેસવું. વરુણ વેદિકા સ્થાપનામાં વાંસની ટોપલીમાં ખેતરમાંની કાળી માટી ભરીને વેદિકા સમસ્થલ બનાવીને વચ્ચોવચ વરૂણ એટલે તાંબુ કે કોઈ પણ ધાતુનો નાનો કળશ (લોટો) મૂકવો. એમાં થોડું પાણી, ફૂલ, કંકુ, હળદર, અક્ષત અને એક ધાતુનું નાણું મૂકવું, કળશ પર કંકુનાં પાંચ ટપકાં કરવાનાં. કળશ પર એક શ્રીફળ મૂકવાનું જેની ચોટલી ઉપર રાખવી અને કળશમાં આંબાના પાંચ પાન પર શ્રીફળ મૂકવું. આ છે વરૂણ વેદિકા ઘટ સ્થાપના વિધિ.

સર્વ પ્રથમ દેવગૃહના બધા દેવોને, મૂર્તિઓને સ્વચ્છ જળથી સ્નાન કરાવવું અને મુખ્ય દેવતા-દેવીની મૂર્તિ, પ્રતિમા કે ટાંકને કંકુતિલક કરીને દેવગૃહમાં મધ્ય ભાગમાં ખાવાના પાન પર બેસાડવાની હોય છે, પછી અન્ય દેવદેવતાઓને નાગવેલી ખાવાના પાન પર સ્થાપિત કરવા. દેવગૃહની બહાર ઊંચા સ્થાને મંડળી બાંધવી જે ચોરસ આકારની હોય છે અને સાતમા નોરતે એના પર ફુલોરો એટલે તળેલી સાદી પૂરી, મીઠી પૂરી, ઘૂઘરા વગેરે વાનગી બાંધવામાં આવે છે. જે વિજયાદશમીના દિવસે પ્રસાદરૂપે ખવાય છે.

ઘરની કોઈ પણ એક વ્યક્તિ નવરાત્રીના નવ દિવસ ઉપવાસ રાખે છે. ઉપવાસમાં ફળ-ફળનો રસ, સિંગદાણાની ચીકી, લાડુ, રાજગરો, સાબુદાણા, શિંગોડા, મોરિયાનો સાદો ખોરાક લઈ શકાય છે. દશેરા વિજયાદશમીના શુભ દિવસે ઘટનું ઉત્થાપન કરીને સર્વ દેવોને સ્નાન કરાવીને પોતાના સ્થાને બેસાડવા. નવ દિવસ ફક્ત જલસિંચન કરવું, અક્ષત ચઢાવવા. પ્રથમ દિવસ પછી રોજ વેદિકાયૈ નમઃ પહેલા નોરતામાં વેદિકામાં પાણીમાં પલાળેલા ઘઉંનું રોપણ કરવું, કળશના ગોળાકાર ચારે બાજુ ઘઉંનું રોપણ કરવું. અન્નધાન્યેભ્યો નમઃ વેદિકા પર જલસિંચન વખતે 'પર્જન્યાય નમઃ' બોલવું અને પ્રથમ દિવસે નાગવેલીના પાનની માળા ચઢાવવી જે માળા કળશ સુધી આવવી જોઈએ, પછીના દિવસોમાં રોજ ગલગોટાનાં ફૂલોની માળા બદલવી અને પહેલા નોરતામાં અખંડ દીવો પ્રજ્વલિત કરવો, જે તેલનો હોય. દસ દિવસ સુધી અખંડ પ્રજ્વલિત રહે તે પ્રમાણે એની જોડ વાટ રાખવી અને તેલ પણ અલગ વાસણમાં રાખવું. પવનથી કે અન્ય કારણસર જ્યોત શાંત ન થાય તેની કાળજી રાખવી. દશેરો વિજયાદશમી અખંડ શુભતિથિ છે, ત્યારે નવા કામની શરૂઆત કરી શકાય છે. સાંજે સિમોલંઘન કરવા જવાનો પ્રઘાત છે, તો નવાં વસ્ત્રો પહેરીને બહાર જવું. મિત્રસખાઓને મળવું અને પરસ્પર સોનું એટલે આપટાના વૃક્ષનાં પાનો પરસ્પરને આપીને શુભેચ્છાઓની આપલે કરવી.

> **ઐક્ય, સંતોષ અને શાંતિ સમાધાન પ્રાપ્ત થાય છે એટલે વિભક્ત કુટુંબ પ્રમુખે નવરાત્ર વ્રતોત્સવ ઉજવણી કરવનો પ્રારંભ પરિવાર માટે ઉચિત છે શાસ્ત્રસંમત છે**

દશેરાના દિવસે રસોઈમાં મિષ્ટાન્ન અથવા પૂરણપોળી (વેઢમી) ફરસાણ રાખવું અને બધાં જોડે શાંતિ અને પ્રેમનો વ્યવહાર રાખવો. વેદિકામાં જે જવારા ઉગશે તે દેવોને અર્પણ કરવા. નવરાત્ર વ્રતનું વિસર્જન થતું નથી, ઉત્થાપન વિધિ અને સાંજે કુળપ્રથા પ્રમાણે તળી અને આરતી કરીને ઉત્સવની સાંગતા થાય છે.

---

# ગોપી ગીત



**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

મિત્રો, ગોપીગીતને આગળ વધારીએ. ગોપીઓ કહે છે કે અમે સંસારના ભયને મટાડનાર આપના ચરણોનું શરણ ગ્રહણ કરીએ છીએ. પ્રગટ થાવ અને આપનો વરદહસ્ત અમારા મસ્તક પર પધરાવો, જેથી અમારી કામના પૂર્ણ થાય. જુઓ, જન્મ-મરણનો ભય આપના ચરણોમાં મટે છે. અભયત્વ શ્રીહરિના ચરણોમાં છે. જે તેનાથી દૂર છે, તેના જીવનમાં શાંતિ અને સુખ નથી. ઉત્તરા કહે છે કે સંસારમાં જીવ જ જીવના મૃત્યુનું કારણ બને છે. મોટી માછલી નાની માછલીને ખાઈ જાય, સિંહ હરણને ખાય. અભય ભગવાનના ચરણોમાં જ છે. એટલા માટે–

''મેરે તો આધાર સીતારામ કે ચરણારવિંદ,
શ્રીરામ કે ચરણારવિંદ, રાઘવ કે ચરણારવિંદ,
મેરે તો આધાર સીતારામ કે ચરણારવિંદ''

જન્મ-મૃત્યુથી મુક્ત કરનાર આપના ચરણારવિંદ, હે યદુવંશ શિરોમણિ! અમે આપના ચરણનો આશ્રય કરીએ છીએ, જેથી ભયમુક્ત થઈ શકીએ. જેમ વિભીષણ ગયા. સંસારનો ભય મટે. ''હું બેઠો છું''નો ભરોસો અમને નિર્ભય કરે. જે અમને નથી જોઈતું, તેનાથી બચાવ્યા, પણ હવે અમને જે જોઈએ છે તે આપો. ચરણ પકડ્યા તો સંસારનો ભય તો મટ્યો, પણ આપ આપનો વરદહસ્ત મસ્તક પર મૂકશો તો કામના પૂર્ણ થશે. હે કાંત! કામનાપૂર્તિ માટે આપનો વરદહસ્ત માથે મૂકો. કામના કઈ છે?

''વ્રજજનાર્તિહન્ વીર યોષિતાં
નિજજન સ્મય ધ્વંસનાસ્મિતા।
ભજ સખે ભવત્ કિંકરીઃ સ્મ
નો જલરુહાનનં ચારુ દર્શય॥'' (શ્લોક-૬)

હે પ્રિય! મોસમ આયેંગે જાયેંગે, હમ તુમસે ન ભૂલ પાયેંગે. અમારે આપના સુંદર મુખારવિંદનાં દર્શન કરવાં છે. સદા એ મુખ અમારી સામે રહે. તેના જવાબમાં કૃષ્ણ કહે છે, ''અરે, હું તો તમને મળેલો જ છું. તમે જોયો. હું તો હતો જ.'' પ્રેમમાં અહં સૌથી મોટો અપરાધ છે. ગોપી કહે, ''અમારાથી ભૂલ થઈ. અમે કાન પકડીએ છીએ. જો અભિમાન રોગ છે, તો રોગીનો ઉપચાર કરો. રોગીને થોડો છોડી દેવાય? આંખમાં ઝામર થાય તો આંખ થોડી ફોડી નખાય? મોતિયો ઉતરાવવા ઓપરેશન કરાવો. દોષ દૂર કરાય, વ્યક્તિને થોડી છોડાય? અમારું અભિમાન મટી ગયું. નહીં તો વિરહમાં અમે મરી જઈશું.''

કૃષ્ણ કહે, ''શું કરું?'' ગોપી કહે, ''તમારા સુંદર મુખડાનું દર્શન કરાવો. એક વાર તમારા હાસ્યનું દર્શન ઈચ્છીએ છીએ.'' ''હસતા હુઆ નૂરાની ચહેરા'' અમને અમારા સૌંદર્યનો ગર્વ છે, એ છૂટી જાય. ગોપી કહે, ''હે ગર્વગંજન! પ્રગટ થાવ.''

આપનાં ચરણ કેવાં?

''પ્રણત દેહિનાં પાપકર્ષણં તૃણચરાનુગં શ્રીનિકેતનમ્ ।
ફણિફણાર્પિતં તે પદાંબુજં કૃણુ કુચેષુ નઃ કૃન્ધિ હૃચ્છયમ્ ॥''

પ્રણામ કરે તેના પાપ ખેંચી લે. લોહચુંબક જેમ લોખંડને ખેંચે તેમ. નામ જ કૃષ્ણ છે ને? કર્ષયતિ ઈતિ એટલે ખેંચે છે તે, આકૃષ્ટ કરે તે કૃષ્ણ. કાળો રંગ બીજા બધા જ કિરણોને ખેંચે. સફેદ રંગ કોઈને સ્વીકારતો નથી, બધા કિરણોને પરાવર્તિત કરે છે. દક્ષિણ ભારતમાં બધા જ દેવ કાળા પથ્થરથી બનાવાય છે. કળિયુગમાં ભગવાનનો રંગ કાળો છે. શાસ્ત્રીય રીતે જોઈએ તો સતયુગમાં ભગવાનનો વર્ણ શુક્લ, ત્રેતાયુગમાં રક્ત, દ્વાપરમાં પીત વર્ણ છે. કળિયુગમાં ભગવાનનો વર્ણ કાળો છે. ખેંચે છે. સુદામા પોંઠાની પોટલી લઈને ગયો, એ ખેંચી લીધી છે કૃષ્ણે. ચાર મુઠ્ઠી પોંઠા છે સુદામાના તાંદુલ. એ શું છે? ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ચાર પુરુષાર્થ. તમે જે કંઈ અનાયાસે સંચિત કાર્ય કર્યા હોય, ભગવાન પાસે એ બંધાઈ જાય. ભગવાન કહે, ''એ મને અર્પણ કર.'' સુદામાને સંકોચ થાય, પણ ભગવાન છીનવી લે છે પોટલી. એને નાનપણથી ઝૂંટવી લેવાની, ખેંચી લેવાની ટેવ છે. ગોપીના ચીર ખેંચી લે, લઈને ભાગી જાય. ગોપીનું માખણ છીનવી લે. આ ચોર છે. દુનિયાનો કોઈ પણ ધર્મ બતાવો, જે ભગવાનને ચોર કહે! અરે! આપણે એને ''ચોરોનો સરદાર'' કહીએ છીએ. કહે છે કે જેમ વનમાં ચોર-ડાકુ રહેતા હોય, એમ વૃંદાવનમાં એક ચોર વસે છે. શું ચોરે? માખણ, ગોપીઓનાં વસ્ત્ર ચોરે.

> **ચરણ પકડ્યા તો સંસારનો ભય તો મટ્યો, પણ આપ આપનો વરદહસ્ત મસ્તક પર મૂકશો તો કામના પૂર્ણ થશે**

જીવોના અનેક જન્મનાં પાપ ચોરે એવો ચોરોનો સરદાર છે. એક પદ છે–

હે ભાઈ! ન જાઓ. લૂંટાઈ જશો. ઓરે પથિકવા!
મન જહાયો તુમ વૃંદાવન કી ઓર. યા વનમેં એક
ચોર અબત હૈ વાંકો નામ નટવર નંદ કિશોર

મુસાફર કહે, ''મહત્ત્વપૂર્ણ કામ છે. જવું પડશે.'' કહે, ''તો તું જઈશ? તો મારી એક વાત સાંભળ. આંખ બંધ કરીને જજે. એક વાર તું એને જોઈ લઈશ, દર્શન કરી લઈશ તો તારી આંખ બીજું કંઈ જોશે જ નહીં. આંખ મીંચીને જા.'' મુસાફર કહે, ''શિખામણ માટે ધન્યવાદ.'' અરે, સાંભળ! આંખ નીચી રાખીને જજે. કાનમાં સ્વર ન પડે તેનું ધ્યાન રાખજે. એની પાસે લૂંટવાના અલગ-અલગ રસ્તા છે. એ વાંસળી વગાડશે, તું સાંભળીશ તો તું એ તરફ જઈશ. આવી છૂટ બીજા કયા ધર્મમાં મળે? કૃષ્ણને પ્રિયતમ માની આપાભાવ વ્યક્ત કરવાનો? પ્રેમમાં આવી ચોરી થાય એ જ સદભાગ્ય!

''યે તો પ્રેમ કી બાત હૈ ઊધો, બંદગી તેરે બસ કી નહીં હૈ. યહાં સર દે કે હોતે હૈ સોદે, આશિકી ઈતની સસ્તી નહીં હૈ.'' (ગુરુવર્ય પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ના સત્સંગને આધારે)

(ક્રમશઃ)